પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૩ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦, શનિવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શું આ દેશમાં કાયદો બચ્યો છે ખરો ? : સુપ્રીમ

**એજીઆર મામલે સુપ્રિમે ટેલિકોમ કંપનીઓ અને સરકારને રીતસર ખખડાવી નાંખી : કોર્ટને તાળાં મારી દો : આ દેશમાં રહેવા કરતા તો સારું છે દેશ છોડીને જતા રહેવું જોઈએ : કોઈ અધિકારી કોર્ટના આદેશ વિરુદ્ધ જવાની હિંમત કેવી રીતે કરી શકે છે?: સુપ્રિમનું અવલોકન : ડોટને ૧.૪૭ લાખ કરોડ ચુકવી દેવા માટેના આદેશથી ખળભળાટ : ૧૭ માર્ચ સુધી મહાકાય રકમ ચુકવી દેવા માટે આદેશ : આદેશ નહીં પાળવાની સ્થિતિમાં તિરસ્કારની કાર્યવાહી : વોડાફોન-આઈડિયા, એરટેલને મોટો ફટકો**



નવી દિલ્હી,તા. ૧૪
કાયદાકીય ક્ષેત્રે એજીઆર તરીકે જાણીતા એક કેસમાં દેશની ટેલિકોમ કંપનીઓને ૨૩ જાન્યુઆરી સુધીમાં સરકારના બાકી નિકળતા નાણાં અંદાજે ૧.૪ લાખ કરોડ ચૂકવી આપવા સુપ્રિમ કોર્ટના આદેશ સામે સરકારના જ ડેસ્ક પરના એક અધિકારીએ કોર્ટના આગામી આદેશ સુધી વસૂલાત પર પ્રતિબંધ મૂકીને કંપનીઓને રાહત આપતા અને તે ગંભીર બાબત કોર્ટના ધ્યાન પર આવતાં કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર સામે કદાજ પહેલીવાર એવી કડકમાં કડક ફટકાર લગાવી હશે જેમાં કોર્ટે ભારે નારાજગી સાથે એવું અવલોકન કર્યું કે જો કોઈ અધિકારી કોર્ટના આદેશ પર રોક લગાવવાની હિંમત કરી શકે છે તો કોર્ટ બંધ કરી દેવી જોઈએ....! સુપ્રીમના આદેશ છતા વોડાફોન,એરટેલ સહિતની મોટાભાગની કંપનીઓએ બાકીની રકમ જમા કરાવી નથી. આ અંગે સુપ્રીમ કોર્ટે કંપનીઓને પુછ્યું કે, તમારા વિરુદ્ધ કોર્ટના અવમાનનાની કાર્યવાહી કેમ ના કરવામાં આવે? કંપનીઓને બાકી રકમ જમા કરાવવાનો આદેશ આપીને સુપ્રીમ કોર્ટે ભારે હૈયે એમ પણ કહ્યું કે, 'શું આ દેશમાં કોઈ કાયદો બચ્યો છે ખરો?

## ટેલીકોમ કંપનીના બાકી લેણા

| કંપની | બાકી(રૂપિયા) |
| --- | --- |
| વોડાફોન-આઈડિયા | ૫૩,૦૩૮ કરોડ |
| ભારતી એરટેલ | ૩૫,૫૮૬ કરોડ |
| ટાટા ટેલી | ૧૩,૮૨૩ કરોડ |
| જીઓ, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ, BSNL-MTNL પર દેવું | ૪૫,૦૦૦ કરોડ |
| કંપનીઓ પર વ્યાજ, પેનલ્ટી સહિત દેવું | ૧,૪૭૦૦૦ કરોડ |
| રિલાયન્સ જીઓએ ચુકવ્યા | -૧૯૫ કરોડ |
| હવે અન્ય કંપનીઓ પર દેવું | ૧,૪૬,૮૦૫ કરોડ |

- **૧.૪ લાખ કરોડ ૧૭ માર્ચ સુધી ચૂકવવા આદેશ નહિતર અવમાનનો કેસ નોંધાશે, તમામ કંપનીઓના મેનેજરોને હાજર થવા આદેશ**
- **તમારે કોઇ પણ સંજોગોમાં પૈસા તો ચૂકવવા જ પડશેઃ સુપ્રીમે કેન્દ્ર સરકારનો પણ ઉઘડો લીધો**
- **બાકી નાણાં ન આપનાર ટેલિકોમ કંપનીઓને કોર્ટના અવમાનના કેસ માટે તૈયાર રહેવા ચેતવણી**

● અનુસંધાન પાન-૭ પર

# જાન્યુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી દર ૩.૧%, ૧૦ માસની ટોચે

**આમ આદમી વધુ એક ઝટકો : રિટેલ મોંઘવારી બાદ જથ્થાબંધ મોંઘવારીમાં પણ વધારો : ડિસેમ્બરમાં દર ૨.૫૯% હતો : ગત મહિને ડુંગળીનો રેટ ૨૯૩% વધ્યો, બટાકાની કિંમતમાં ૩૭.૩૪% વધારો**

ન્યુ દિલ્હી,તા.૧૪
ડુંગળીના ભાવ વધ્યા બાદ ચોતરફ દેશમાં શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓના ભાવ વધતા જાન્યુઆરી માસનો ગ્રાહક સ્તરનો મોંઘવારી દર નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા એટલેકે મે, ૨૦૧૪ બાદના ઉચ્ચતમ સ્તર ૭.૫૯% પર પહોંચ્યો હતો. દેશના જથ્થાબંધ મોંઘવારી દરમાં પણ નોંધપાત્ર વધારો થવાની આશાંકા સેવાઈ રહી હતી.

સરકારે આજે જાહેર કરેલ જાન્યુઆરી, ૨૦૨૦ના જથ્થાબંધ મોંઘવારી દરના આંકડા પર સરકાર, આરબીઆઈ માટે ચિંતાજનક છે. ગત મહિને ઈન્ડેકસ ૩.૧% રહ્યો છે,જે ડિસેમ્બર, ૨૦૧૯માં ડિસેમ્બર ૨.૫૯% અને જાન્યુઆરી, ૨૦૧૯માં ૨.૭૬% રહ્યો હતો.

જાન્યુઆરી માસનો જથ્થાબંધ ખાદ્ય મોંઘવારી દર ૧૧.૯૫%થી માસિક દ્રષ્ટિએ ઘટીને ૧૦.૧૨% થયો છે. ખાદ્ય ચીજવસ્તુઓનો દર ૧૩.૨૪%થી ઘટીને ૧૧.૫૧% થયો છે.

જોકે પ્રાઈમરી આર્ટિકલ ઈન્ફ્લેશન ૧૦.૦૧%થી વધીને

● અનુસંધાન પાન-૭ પર

# પૂંચમાં પાકિસ્તાન દ્વારા ફરી ગોળીબાર

નવીદિલ્હી, તા. ૧૪
પાકિસ્તાને ફરી એકવાર આજે નાપાક હરકત કરી હતી. પાકિસ્તાની રેન્જર્સ દ્વારા પૂંચ સેક્ટરમાં જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેના તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં ભારતીય સેના તરફથી પણ જોરદાર જવાબ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાની ગોળીબારમાં એકનું મોત થયું છે. આ હુમલામાં ચાર લોકો ઘાયલ થયા છે.

પુલવામા હુમલાની વરસીના દિવસે જ પાકિસ્તાન તરફથી આ હરકત કરવામાં આવી હતી. આ પહેલા ૮મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં ભારતીય જવાન રાજસ્થાનના રાજવીરસિંહ શેખાવત શહીદ થયા હતા. ભારતીય સેનાએ હજુ સુધી આ સંદર્ભમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# કેજરીવાલના શપથવિધિ સમારોહમાં મોદીને આમંત્રણ

**અરવિંદ કેજરીવાલની ત્રીજી વખત તાજપોશી થશે : દિલ્હીમાંથી ભાજપના તમામ ૭ સાંસદ તેમજ હાલમાં જ ચૂંટાયેલા ૮ ધારાસભ્યોને પણ વિધિવત આમંત્રણ અપાયું : તૈયારીઓ આરંભાઈ**

નવીદિલ્હી, તા. ૧૪
આમ આદમી પાર્ટીના શપથ કાર્યક્રમમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. અરવિંદ કેજરીવાલ સતત ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. જો કે, વડાપ્રધાનના કાર્યક્રમો પહેલાથી જ ૧૬મીના દિવસે નક્કી થયેલા છે જેથી તેઓ હાજરી આપનાર નથી. કેજરીવાલ સતત ત્રીજી વખત શપથ લેનાર છે. ૧૧મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરાયા બાદ આમ આદમી પાર્ટી દ્વારા શપથવિધિની તૈયારી કરી લેવામાં આવી છે. કેજરીવાલે શપથવિધિમાં હાજરી આપવા વડાપ્રધાનને આમંત્રણ મોકલ્યું છે. સાથે સાથે ભાજપના સાત સાંસદોને પણ આમંત્રણ આપ્યું છે. મોદી શપથવિધિમાં ભાગ લેશે કે કેમ તે અંગે હજુ માહિતી મળી નથી પરંતુ મોદી પહેલાથી જ ૧૬મીના દિવસે ભરચક કાર્યક્રમ ધરાવે છે. પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં રહેશે. અહીં આશરે ૧૭૦૦ કરોડ રૂપિયાની યોજનાઓની ભેંટ આપવા જઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીના દિલ્હી એકમના સંયોજક ગોપાલ રાયે આજે કહ્યું હતું કે, વડાપ્રધાનને સવારે પત્ર મોકલીને આમંત્રણ આપવામાં આવ્યું છે. દિલ્હીના તમામ સાત સાંસદો અને નવા ચૂંટાયેલા ભાજપના આઠ ધારાસભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# પુલવામાના શહીદોને રાષ્ટ્રની અંજલિ

**પ્રથમ વરસી પર શહીદ થયેલા સીઆરપીએફના ૪૦ જવાનોન મોદી સહિત દેશવાસીઓ દ્વારા વીર જવાનોને અંજલિ**

નવી દિલ્હી,તા. ૧૪
જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં ગયા વર્ષે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાની આજે પ્રથમ વરસી છે. પ્રથમ વરસી પર શહીદ થયેલા સીઆરપીએફના ૪૦ જવાનોને દેશભરમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમને યાદ કરવામાં આવ્યા હતા. તેમના સાહસની પ્રશંસા પણ કરવામાં આવી હતી. જમ્મુથી ૭૮ વાહનોમાં આશરે ૨૫૦૦ જવાનોને લઈને સીઆરપીએફના વાહનોનો કાફલો વહેલી પરોઢે સત્રણ વાગ્યા કાશ્મીર રવાનો થયો હતો. તમામ બાબતો યોગ્ય રીતે ચાલી રહી હતી. પરંતુ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ વાહનોની ગતિ એકાએક ધીમી થઈ ગઈ હતી. ત્યારે જ કાફલામાં એક કાર ઘુસી ગઈ હતી. ત્યારબાદ જે થયુ તેના કારણે જમ્મુ કાશ્મીરના નક્કાને બદલી દેવામાં ભૂમિકા અદા કરી હતી. જમ્મુ કાશ્મીરના રાજમાર્ગ સંખ્યા ૪૪ પર આશરે અડધા મીટર કદમાં હુમલાના કારણે જે ખાડા થઈ ગયા હતા તે હજુ ભરાયા નથી. લેથપોરાની પાસે આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની ત્રાસવાદીઓની આ કાયરતાપૂર્વકની હરકતને યાદ કરીને આજે પણ જવાનો લાલઘુમ થઈ જાય છે.

સાથે સાથે ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવાની ઈચ્છા મજબુત થઈ જાય છે. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. આદિલ અહેમદ દાર નામના આતંકવાદીએ સીઆરપીએફ કાફલા ઉપર હુમલા માટેની જવાબદારી સ્વીકારી હતી અને કાવતરુ પણ રચ્યું હતું.



# નિઝામ ફંડ કેસમાં ભારતની પાકિસ્તાન ઉપર મોટી જીત

**૭૦ વર્ષ જુના કેસને ભારતે અંતે જીતી લીધો : ભારતને કેસને જીતવા બદલ ૩૨૫ કરોડ રૂપિયા મળશે**

નવી દિલ્હી, તા. ૧૪
લંડનમાં ચાલી રહેલા નિઝામ ફંડ કેસમાં ભારતને મોટી જીત હાથ લાગી છે. પાકિસ્તાનને પરાજીત કરીને ભારતે કરોડો રૂપિયાની જીત મેળવી છે. ૭૦ વર્ષ જુના નિઝામ ફંડ કેસમાં આખરે ફેંસલો આવી ગયો છે.

ભારતે કેસ જીતીને ૩૨૫ કરોડ રૂપિયાની રકમ જીતી લીધી છે. ભારતને આ કેસને લડવામાં ખર્ચ કરવામાં આવેલી ૬૫ ટકા રકમ પણ પાકિસ્તાનમાંથી મળી છે. આ કેસમાં ભારત અને પાકિસ્તાનની વચ્ચે લંડનમાં કેસ ચાલી રહ્યો હતો. સાથે સાથે ભારતને કેસ લડવા માટે જે રકમ ખર્ચ થઈ હતી તે પૈકી ૨૬ કરોડ રૂપિયાની રકમ પાકિસ્તાનને આપવી પડશે.

હૈદરાબાદના નિઝામના પૈસા સાથે જોડાયેલા ૭૦ વર્ષ જુના મામલામાં હવે ચુકાદો આવી ગયો છે. લંડનની એક બેંકમાં સાત દશકથી કરોડો રૂપિયાનો કેસ ફસાયેલો હતો. હવે બ્રિટનમાં ભારતીય દૂતાવાસને લાખો પાઉન્ડ પોતાના હિસ્સા તરીકે મળી ગયા છે. લંડનમાં ભારત સરકારના અધિકારીઓએ કહ્યું છે કે, બ્રિટનમાં હાઈકમિશનને ૨૫ મિલિયન પાઉન્ડ અથવા તો ૩૨૫ કરોડ રૂપિયાની રકમ મળી ગઈ છે. આ રકમ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૪૮થી નેશનલ વેસ્ટ મિનિસ્ટર બેંક એકાઉન્ટમાં ફસાયેલી હતી. પાકિસ્તાને પણ આ રૂપિયા પર પોતાનો દાવો કર્યો હતો.

જો કે, તેને નિષ્ફળતા હાથ લાગી છે. ભારતને મળેલી કાનૂની ખર્ચની રકમ પણ યોગ્યરીતે કામ લાગી છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં હાઈકોર્ટે ભારત અને મુકર્રમ જહાંની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. પાકિસ્તાને પણ ભારત સરકારને ૨૬ કરોડ રૂપિયા ચુકવ્યા હતા. બાકી ખર્ચ થયેલી રકમ જે ભારતે પોતે ફરી છે તેના પર વાતચીત ચાલી રહી છે. ૭૦ વર્ષ જુના વિવાદને લઈને હજુ કેટલીક વિગતો ખુલી નથી.

# બ્રિટન હાઈકોર્ટમાં બે હાથ જોડી ભાગેડુ માલ્યા રડ્યો : હું ૧૦૦ ટકા રકમ આપવા તૈયાર છું

**જજોની સમક્ષ હાથ જોડી અનેક આજીજી કરી, હાઇકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો**

લંડન,તા.૧૪
અનેક બેંકોના પૈસા લઈને લંડનથી ભાગી ગયેલા દારૂના વેપારી વિજય માલ્યા ગુરુવારે બ્રિટિશ હાઈકોર્ટમાં રડી પડ્યા હતા. માલ્યાએ કોર્ટમાં હાથ જોડીને કહ્યું કે ભારતીય બેંક તાત્કાલિક પૈસા પાછા લઈ લે.. રોયલ કોર્ટ જસ્ટિસની બહાર, માલ્યાએ કહ્યું, 'હું મૂળ રકમના ૧૦૦ ટકા પાછા આપવા તૈયાર છું. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ મારા માટે જે કરી રહ્યા છે તે કોઈ પણ રીતે સારું નથી. ૬૪ વર્ષીય વિજય માલ્યા પર ભારતીય બેંકોના ૯ હજાર કરોડની છેતરપિંડી અને મની લોન્ડરિંગનો આરોપ છે. આ કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના હાથમાં છે.



માલ્યાએ કહ્યું, 'ઈડીએ બેંકોની ફરિયાદ પર મારી સંપત્તિ જપ્ત કરી હતી કે હું ચૂકવતો નથી. મેં મની લોન્ડ્રિંગ નિરોધક કાયદા હેઠળ ગૂનો નથી કર્યો કે ઈડી મારી સંપતિ જપ્ત કરી લે.

ભારત સરકાર વતી રજૂ થયેલી ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસ (સીપીએ) માલ્યાના વકીલના દાવાને નકારી દીધો છે. ભારતમાં માલ્યા વિરુદ્ધ છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપો અનુચિત કહેવામાં આવ્યા છે. સુનાવણીમાં પ્રોસીક્યુશન વતી માલ્યા સામે પુરાવા રજૂ કરાયા હતા અને કહેવામાં આવ્યું હતુ કે તેઓ બેંકો પાસેથી લોનના તરીકે ૯ હજાર કરોડની ચુકવણીથી બચવા માટે બ્રિટન આવ્યા છે.

ફરિયાદીએ એમ પણ કહ્યું હતું કે માલ્યા સામે ૩૨ હજાર પાનાના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. ભારતમાં બેંકોએ તેની સામે કેસ દાખલ કર્યો છે, જેમાં ભારતીય એજન્સીઓને માલ્યાની જરૂર છે.

આ અંગે સંરક્ષણે પોતાની દલીલોમાં કહ્યું હતું કે કિંગફિશર એરલાઈન્સ આર્થિક કમનસીબીનો ભોગ બની છે, કારણ કે અન્ય ભારતીય વિમાની કંપનીઓએ પણ કર્યું છે. આ કેસની સુનાવણી બે ન્યાયાધીશો કરી રહ્યા છે. લોર્ડ જસ્ટિસ સ્ટીફન ઈરવિન અને જસ્ટિસ ઈલ્યાસાબેથે કહ્યું કે તે આ ખૂબ જટિલ મામલાને ધ્યાનમાં લીધા પછી બીજી કોઈ તારીખે નિર્ણય લેશે.

# યોગ્ય સમયે શાહીનબાગની મહિલાઓ સાથે વાત કરીશ : શ્રી શ્રી રવિશંકર

ન્યુ દિલ્હી,તા.૧૪
આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે કહ્યું કે તેઓ નાગરિકતા સુધારણા કાયદાના વિરોધમાં દિલ્હીના શાહીન બાગમાં વિરોધ પ્રદર્શન કરી રહેલી મહિલાઓ સાથે યોગ્ય સમય આવશે ત્યારે વાત કરશે. શ્રી શ્રી રવિશંકરે આ પ્રકારનું નિવેદન એક કાર્યક્રમ દરમિયાન આપ્યું હતું. કાર્યક્રમમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ શાહીન બાગમાં વિરોધ દર્શાવતી મહિલાઓ સાથે મુલાકાત કરશો?

હા, હું જરૂરથી તેમને મળવા જઈશ, પણ યોગ્ય સમય આવશે ત્યારે. શ્રી શ્રી રવિશંકરના આવા જવાબ પર કાર્યક્રમના હોસ્ટે તેમને પૂછ્યું કે પરંતુ તેનો યોગ્ય સમય ક્યારે આવશે તે પણ જણાવી દો? જેના જવાબમાં રવિશંકરે કહ્યું કે તે પણ યોગ્ય સમય આવશે ત્યારે ખબર પડી જ જશે. આધ્યાત્મિક ગુરૂએ આ કાર્યક્રમમાં ઉપરાંત દેશના અન્ય ઘટનાક્રમો પર પણ પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. આમ તેમણે શાહીન બાગમાં જઈને મહિલાઓને મળવાની વાત કહીને લોકોમાં ઉત્કંઠા વધારી દીધી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225